# સમાચાર પ્રકાશન

Ontario

નાણા મંત્રાલય

## *ઓન્ટેરિયોનું નિર્માણ તમારા માટે*

### ઓન્ટેરિયોનું *2024 ફૉલ ઇકોનોમિક સ્ટેટમેન્ટ (પાનખર આર્થિક નિવેદન)* કામદારો અને કુટુંબો માટે ખર્ચ ઘટાડતી વખતે પ્રાંતીય અર્થતંત્રના પુનઃનિર્માણમાં રોકાણ કરવાનું ચાલુ રાખે છે.

સમાચાર

ઓક્ટોબર 30, 2024

ટોરોન્ટો — આજરોજ, ફાઇનાન્સ મિનિસ્ટર Peter Bethlenfalvy (પીટર બેથલેનફાલ્વી)એ *2024 ઓન્ટેરિયોનો આર્થિક દૃષ્ટિકોણ અને નાણાકીય સમીક્ષા જાહેર કરી: ઓન્ટેરિયોનું નિર્માણ તમારા માટે* સરકાર આપણાં વિકાસશીલ સમુદાયોને જરૂરી નિર્ણાયક માળખાકીય સગવડના નિર્માણ માટે ગીચતા ઘટાડીને, અને કરવેરા ઓછાં રાખીને અને વધારે નાણાં તમારા ખિસ્સામાં પાછા મૂકીને જીવન જીવવું વધારે પરવડી શકે તેવું બનાવીને નાણાકીય રીતે જવાબદાર અભિગમ અપનાવવાનું ચાલુ રાખે છે.

"અમારી સરકારના જવાબદાર અભિગમના પરિણામસ્વરૂપે *2024 બજેટ* થી નાણાકીય સ્થિતિમાં સુધારો થયો છે, જે અમને કરવેરા ઓછાં રાખવા, રોડ્સ, હાઇવે, હોસ્પિટલો અને સ્કૂલો જેવી માળખાકીય સગવડોમાં રોકાણ કરવા દે છે અને ખર્ચ ઘટાડવાની અમારી યોજનાના ભાગરૂપે ઓન્ટેરિયોના કુટુંબોને તાત્કાલિક રાહત મળી છે," મંત્રી Bethlenfalvy (બેથલેનફાલ્વી)એ કહ્યું. "અમે ઓન્ટેરિયોના વિકાસને ટેકો આપવા જવાબદારીપૂર્વક રોકાણ કરવાનું અને આપણાં પ્રાંતને રહેવા, કામ કરવા અને કુટુંબ ઉછેરવા માટેનું શ્રેષ્ઠ સ્થાન બનાવવા માટે ઓન્ટેરિયોના અર્થતંત્રને પુનઃનિર્માણ કરવાનું  ચાલુ રાખવાના છીએ, આ બધું કરવાથી ભાવિ પેઢીઓ માટે દેવાનો બોજ ઘટશે."

સરકારની યોજનાથી ખાધ ઘટે છે અને અનિશ્ચિત વૈશ્વિક આર્થિક સ્થિતિઓ અને સરકારના નિયંત્રણની બહારની અન્ય સમસ્યાઓ હોવા છતાં, 2026-27 સુધીમાં બજેટને સંતુલિત કરવાનો માર્ગ જાળવી રાખે છે. *2024 બજેટ*ની સરખામણીમાં, ઓન્ટેરિયોમાં વાસ્તવિક જીડીપી અને રોજગાર બંનેમાં2024 માં વધુ મજબૂત વૃદ્ધિ જોવા મળે તેવો અંદાજ પણ છે.

*2024 ફૉલ ઇકોનોમિક સ્ટેટમેન્ટ (પાનખર આર્થિક નિવેદન)માં* સરકાર કેવી રીતે ખર્ચાઓમાં ઘટાડો કરી રહી છે તેની ઝાંખીઓમાં સામેલ છે:

- આવતા વર્ષની શરૂઆતમાં $200 કરદાતા રિબેટ પૂરું પાડવાથી, ઊંચા વ્યાજ દરો અને ફેડરલ કાર્બન ટેક્સની સામે ઓન્ટેરિયોના કુટુંબોને તાત્કાલિક રાહત મળશે. આ દરખાસ્ત હેઠળનું $200 કરદાતા રિબેટ ડિસેમ્બર 31, 2024 સુધીમાં પોતાના 2023 આવકવેરા અને લાભ રિટર્ન ફાઇલ કર્યા હોય તેવા ઓન્ટેરિયોમાં પુખ્ત ઉંમરના બધાં પાત્ર લોકોને આપવામાં આવશે. 18 વર્ષ નીચેની ઉંમરના દરેક બાળક માટે પાત્રતા ધરાવતા કુટુંબોને વધારાના $200 મળશે.

- ગેસ ટેક્સ અને ફ્યુઅલ ટેક્સના દરમાં કપાતોને હંગામી ધોરણે વધુ લંબાવવાની દરખાસ્ત છે જેથી કરીને ગેસોલિન અને ફ્યુઅલ (ડીઝલ) પર ટેક્સનો દર જૂન 30, 2025 સુધી લીટર દીઠ 9 સેન્ટ્સ રહે. આનાથી ઓન્ટારિયોમાં ઘરબાર દીઠ જુલાઈ 2022 થી ત્રણ વર્ષમાં સરેરાશ $380 જેટલા બચશે. આ રાહત ખાસ કરીને મહત્વપૂર્ણ એટલા માટે છે કારણ કે ફેડરલ કાર્બન ટેક્સ એપ્રિલ 1, 2025 થી ફરીથી વધવાનું નિર્ધારિત છે.

- વર્ષ 2026 થી શરૂ કરીને, સરકાર સ્નાતક થયા પછી દર્દીઓના સંપૂર્ણ રોસ્ટર સાથે ફેમિલી મેડિસિનની પ્રેક્ટિસ કરવા કટિબદ્ધ રહે તેવા 1,360 પાત્ર અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે લર્ન ઍન્ડ સ્ટે ગ્રાન્ટને વિસ્તારવા માટે ત્રણ વર્ષમાં અંદાજે $88 મિલિયનનું રોકાણ કરવાની છે. આમાં 2026-27 શૈક્ષણિક વર્ષ માટે $17.7 મિલિયન સામેલ છે. એવો અંદાજ રાખવામાં આવ્યો છે કે કુલ રોકાણથી ફેમિલી ડોકટરો માટે સરેરાશ જોડાણ દરોના આધારે પ્રાથમિક સંભાળ માટે વધારાના 1.36 મિલિયન લોકોને આવરી લેવાનું સક્ષમ બનશે. આ ભંડોળ બધાં ટ્યુશન અને અન્ય સીધા શૈક્ષણિક ખર્ચાઓ જેમ કે સમગ્ર ઓન્ટેરિયોમાં કોઈપણ સમુદાયમાં ફિઝિશિયન તરીકે સેવાની મુદતના બદલામાં પુસ્તકો, પુરવઠો અને સાધનસામગ્રીને આવરી લેશે.

- પ્રજનનક્ષમતાની સારવાર શોધી રહ્યાં હોય તેવા કુટુંબો માટે પહોંચ વિસ્તારવી. 2025–26 થી શરૂ કરીને, સરકાર આગામી બે વર્ષમાં ઓન્ટેરિયો ફર્ટિલિટી પ્રોગ્રામ (Ontario Fertility Program - OFP) વિસ્તારવા માટે વધારાનું $150 મિલિયનનું રોકાણ કરશે. આ ભંડોળ સરકાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતા ઇન વિટ્રો ફર્ટિલાઇઝેશન (IVF) સાઇકલ મેળવવામાં સક્ષમ વ્યક્તિઓની સંખ્યાને લગભગ ત્રણ ગણી કરશે, જે ફર્ટિલિટી ક્લિનિક્સની ક્ષમતામાં વધારો કરશે અને હોસ્પિટલો અને સામુદાયિક સેટિંગ્સમાં વેઇટલિસ્ટ ઘટાડશે. વર્ષ 2025 માં, સરકાર નવી ટેક્સ ક્રેડિટ મારફતે પ્રજનનક્ષમતા સારવાર મેળવવા ઇચ્છતા કુટુંબો માટે વધારાની સહાય રજૂ કરશે, જે ઓન્ટેરિયોવાસીઓ માટે 25 ટકા સુધી, વર્ષ દીઠ મહત્તમ $5,000 જેટલો યોગ્ય પ્રજનનક્ષમતા સારવાર ખર્ચનો આધાર પૂરો પાડશે. જેમાં IVF સાઇકલ, પ્રજનનક્ષમતા દવાઓ, સારવાર માટે પ્રવાસ અને ડાયગ્નોસ્ટિક ટેસ્ટનો સમાવેશ થઈ શકે છે. સરકાર આ પહેલ માટે ત્રણ વર્ષમાં $115 મિલિયન ફાળવી રહી છે.

- ઓન્ટેરિયો મ્યુનિસિપલ પાર્ટનરશિપ ફંડ (Ontario Municipal Partnership Fund - OMPF) - મ્યુનિસિપાલિટીસને પ્રાંતની મુખ્ય સામાન્ય સહાયતા ગ્રાન્ટ - આગામી બે વર્ષમાં $100 મિલિયન વધારવાથી, 2026 સુધીમાં આ પ્રોગ્રામથી પૂરું પડાતું કુલ ભંડોળ $600 મિલિયન જેટલું થઈ જશે. 2025 માં, મ્યુનિસિપાલિટીસને OMPF માં તાત્કાલિક $50 મિલિયનના વધારાથી ફાયદો થશે.

મંત્રી Bethlenfalvy (બેથલેનફાલ્વી)એ જણાવ્યું, "અમે ઓન્ટેરિયોના અર્થતંત્રનું પુનઃનિર્માણ કરવા, કુટુંબો અને ધંધાઓના ખર્ચાઓને ઘટાડીને, ઓન્ટેરિયોના કામદારો માટે વધુ સારી નોકરીઓ અપાવવાની અને મોટા પગારધોરણો કમાવાની અમારી યોજના પર સક્રિય છીએ." "અમે કામદારો, કુટુંબો અને મ્યુનિસિપાલિટીસને ટેકો આપી રહ્યાં છીએ, મજબૂત સમુદાયો અને આગામી વર્ષોમાં વધુ સારી તકો ઊભી કરવા તેઓની સફળતામાં રોકાણ કરી રહ્યા છીએ."

## *ઝડપી હકીકતો*

- સરકારે હવે 2024-25 માં $6.6 બિલિયનની ખાધનો અંદાજ મૂક્યો છે - જે *2024 બજેટ*માં પ્રકાશિત આઉટલુકમાં $3.2 બિલિયનનો સુધારો છે. આ નજીકના ગાળાના જોખમો ઘટાડવા અદ્યતન કરેલી આર્થિક અને આવક માહિતી અને ઉચ્ચ આકસ્મિકતાઓને પ્રતિબિંબિત કરે છે.

- મધ્યમ ગાળામાં, સરકાર 2025-26 માં $1.5 બિલિયનની ખાધનો, પછી 2026-27 માં $0.9 બિલિયનની સરપ્લસ (ઉપલક)નો અંદાજ રાખે છે.

- 2024-25 માટે ઓન્ટેરિયોનો ચોખ્ખો ડેબ્ટ-ટુ-જીડીપી રેશિયો 37.8 ટકા રહેવાનો અંદાજ છે. મધ્યમ ગાળામાં, ચોખ્ખો ડેબ્ટ-ટુ-જીડીપી રેશિયો 2025-26 માં 37.9 ટકા અને 2026-27 માં 37.5 ટકા રહે તેવું અનુમાન છે.

- ઓન્ટેરિયોના ઐતિહાસિક માળખાગત સગવડોના રોકાણોમાં પરિવહન, હાઈવે, હાઉસિંગ-સક્ષમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, હોસ્પિટલો, શાળાઓ, લાંબા ગાળાની સંભાળ સગવડો અને અન્ય મહત્વપૂર્ણ જાહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ કરવા અને સુધારવા આગામી દાયકામાં $191 બિલિયનથી વધારેનો સમાવેશ થાય છે.

- નવેમ્બર 14, 2024 નાં રોજ, સરકાર *2025 બજેટ* જણાવવામાં મદદ માટે સલાહ-મસલત શરૂ કરશે અને ઓન્ટેરિયોવાસીઓના આજના સૌથી અઘરા પડકારો સાંભળશે જેમ કે જીવન નિર્વાહ વધારે સસ્તું બનાવવું, વધારે ઘરો, શાળાઓ બનાવવી અને ઓન્ટેરિયોમાં કામદારો માટે સારી નોકરીઓનું સર્જન કરવું.

## વધારાના સંસાધનો

*2024 ઓન્ટેરિયોનો આર્થિક દૃષ્ટિકોણ અને નાણાકીય સમીક્ષા* વાંચો — *ઓન્ટેરિયોનું નિર્માણ તમારા માટે*

ઓન્ટેરિયોનું નિર્માણ તમારા માટે*ની ઝાંખીઓ વાંચો*

વાંચો *બેકગ્રાઉન્ડર (પશ્ચાદભૂ માહિતી): આર્થિક અને નાણાકીય સમીક્ષા*

વાંચો *2024 બજેટ: વધારે સારા ઓન્ટેરિયોનું નિર્માણ કરવું*

## મીડિયા સંપર્કો

Colin Blachar
મંત્રીનું કાર્યાલય
416-325-0400
Colin.Blachar@ontario.ca

Scott Blodgett (સ્કોટ બ્લૉજેટ)
કોમ્યુનિકેશન્સ બ્રાંચ
416-728-9791
Scott.Blodgett@ontario.ca

Ontario.ca/finance-news

Disponible en français